પ્રદુષણ નિયંત્રણ બોર્ડના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૮

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કર્મચારી મંડળ ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૫ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે દિલીપ બ્રહ્મભટ્ટ, ઉપપ્રમુખ તરીકે કે.કે. લકુમ, શ્રીમતી મીના ભટ્ટ, મહામંત્રી તરીકે વિજયસિંહ વાઘેલા, સહમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલ, જી.કે. પારેખ, સંગઠન મંત્રી તરીકે બી.આર. વાઘેલા ખજાનચી તરીકે ઓ.વી. કનોજી, ઓડીટર તરીકે ડી.બી.ચાવડા અને સલાહકાર તરીકે આર.એમ. પરમાર અને જે.બી. ચૌહાણની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પાંચ તાલુકા પ્રજાપતિ સમાજે આભાર વ્યકત કર્યો

ગાંધીનગર, તા.૮

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દ્વારા બાવીસમો સમુહ લગ્નોત્સવ દહેગામ ખાતે ગત ૧ ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવ્યો હતો. સમુહ લગ્નોત્સવમાં ૨૧ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડયા હતા. ત્યારે સમુહ લગ્નોત્સવને સફળ બનાવવામાં દાતાઓ, સ્વયંસેવક ભાઈઓ-બહેનો અને જ્ઞાતિ બંધુઓએ યોગદાન આપવા બદલ સમાજના પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએ આભાર વ્યકત કર્યો છે.

ખોરજ રોડ પર અજાણ્યા વાહનની અડફેટે શ્રમિકનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર આસપાસના વિસ્તારોમાં અકસ્માતોનું પ્રમાણ ખુબ વધી જવા પામ્યું છે. ગઈ મોડી સાંજે ગાંધીનગર-સરખેજ હાઈવેઉપર ખોરજ પાસે સર્જાયેલા વધુ એક અકસ્માતમાં એક શ્રમિકનું મૃત્યુ થવા પામ્યું છે. એસ.જી. હાઈવે પર ખોરજ રોડ પરથી બેફામ ગતિએ પસાર થઈ રહેલા અજાણ્યા વાહને અદાણી શાંતિગ્રામના વળાંક નજીક એક મજુરને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી નાંખ્યો છે. કાર સાથે આરોપી ચાલક પળભરમાં રફુચક્કર થઈ ગયો હતો. અડાલજ પોલીસે અજાણ્યા વાહનના ચાલક સામે ગુનો દાખલ કરી પીએસઆઈ બી.કે. વાઘેલાએ વધુ તપાસ શરૂ કરી છે.

ડીઝલના ભાવ ઘટવા છતાં ભાડા ન ઘટતા પ્રજામાં રોષ

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકામાં ગાડી, રીક્ષા, ટ્રાન્સપોર્ટવાળા દ્વારા ઉઘાડી લુંટ ચલાવવામાં આવી રહેલ છે.

ડીઝલની કિંમતોમાં પાછલા કેટલાક સમયથી સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય ક્રુડના ભાવમાં ઘટાડો થઈ રહ્યો છે. સ્થાનિક બજારમાં જે કિંમત સપ્ટેમ્બર-૨૦૧૪માં જે હતી તેના કરતા હાલ ૨૦ટકાનો ઘટાડો જોવાઈ ચુક્યો છે. પરંતુ શહેરમાં જીપોવાળા, શટલ રીક્ષાવાળા અને ટ્રાન્સપોર્ટરો દ્વારા ભાડા ન ઘટાડાતા પ્રજા અને વેપારીમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. આ અંગે લાગતા વળગતા અધિકારીઓએ રસ લઈ સત્વરે ભાડા ઘટાડે તેવું તાલુકા તેમજ શહેરની પ્રજા ઈચ્છી રહી છે.

૧૮થી લશ્કરી ભરતી મેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૮

લશ્કરમાં ભરતી થઈને દેશ સેવાની સાથે સાથે રોજગારી મેળવવા ઈચ્છતા યુવાનો માટે આગામી ૧૮થી ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૫ દરમિયાન ધર્મેન્દ્ર કોલેજ ગ્રાઉન્ડ, યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે ઓપન લશ્કરી ભરતી મેળો યોજાશે. ઉમેદવારોએ પસંદગી પાવા માટે શારીરિક ક્ષમતા કસોટી, ડોક્ટર પરીક્ષા તેમજ સામાન્ય પ્રવેશ પરીક્ષા એમ ત્રણ પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. આગામી ૧૮મી ફેબ્રુઆરીએ સવારે ૩.૦૦ કલાકેથી યોજાનાર લશ્કરી ભરતી મેળામાં સોલ્જર જનરલ ડ્યુટી, સોલ્જર ટેકનિકલ, સોલ્જર ક્લાર્ક અને સોલ્જર ટેકનિકલ નર્સિંગ આસીસ્ટન્ટ કક્ષાની ભરતી યોજાશે. આ ભરતી અંગે વધુ નજીકના જિલ્લા રોજગાર કચેરીનો કામકાજના દિવસ દરમિયાન સંપર્ક કરી શકાશે.

રવિવારે નગરના માર્ગો પર ટ્રાફિકમાં રાહત અનુભવાઈ

લગ્નસરાની મૌસમમાં વ્યસ્ત નગરજનો : રજાનો દિવસ હોવાથી સરકારી કર્મચારીઓ અને મુલાકાતીઓની ગેરહાજરી : વાતાવરણમાં બપોરે ઉનાળા જેવો માહોલ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં છેલ્લા દોઢેક માસથી સતત યોજાયેલા સરકારી આયોજનો જેમાં પ્રવાસી ભારતીય દીવસથી લઈને વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ તેમજ છેલ્લે હાલ ચાલી રહેલા પ્લાસ્ટ ઈન્ડિયા પ્રદર્શનના કારણે ટ્રાફિકની સમસ્યા અનુભવાઈ હતી. જો કે આજે રવિવારનો દિવસ હોવાથી તેમજ સમગ્ર જિલ્લામાં લગ્નસરાની મૌસમ પુરહારમાં ખિલી હોવાથી મુખ્ય માર્ગો પર વાહન વ્યવહારમાં ઘણી રાહત જોવા મળી હતી. માત્ર ઘ-૪ સર્કલ, મહાત્મા મંદિર અને સે-૭ના એકિઝીબીશન હોલની આસપાસના વિસ્તારમાં મુલાકાતીઓના ધસારા સિવાય અન્યત્ર ટ્રાફિક સામાન્ય રહેવા પામ્યો હતો.

મોટા ભાગના નગરજનો આજે લગ્નપ્રસંગોમાં હાજરી આપવા માટે ક્યાં તો બહારગામે ગયા હતા અથવા લગ્નમાં ના જવાનું હોય તેઓએ

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

રજાના દિવસે ઘરે આરામ કરવાનું મુનાસિબ માન્યું હતું. રજાનો દિવસ હોઈ સરકારી કામે આવતા મુલાકાતીઓ, બહારથી આવતા અસંખ્ય કર્મચારીઓ અને વેપારધંધા અર્થે આવતા અન્ય લોકોની પણ આજે નગરમાં ગેરહાજરીના કારણે લગભગ તમામ મુખ્ય માર્ગો ખાલીખમ જણાતા હતા.

વળી, પોલીસ દ્વારા અગાઉ બે ત્રણ દિવસથી પ્લાસ્ટ ઈન્ડિયા પ્રદર્શનની મુલાકાતે આવનારા મુલાકાતીઓના વાહનોના આડેધડ પાર્કિંગના કારણે ઉદભવેલી સમસ્યાને ધ્યાનમાં લઈને આજે તમામ મુલાકાતીઓના વાહનોનું સુવ્યવસ્થિત પાર્કિંગ કરાવાયું હતું. જેના કારણે ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાવા પામી નહોતી, નિયત પાર્કિંગ પ્લોટ જેવા કે રામકથા મેદાન વગેરે જગ્યાઓ વાહનોથી ખીચોખીચ ભરાઈ ગઈ હતી અને ત્યાંથી લકઝરી બસોની ફેરી સર્વિસ દ્વારા મુલાકાતીઓને પ્રદર્શન સ્થળે લેવા મુકવા વ્યવસ્થા કરવમાં આવેલી છે તે સતત વ્યસ્ત રહેવા પામી હતી.

છેલ્લા ૨-૩ દિવસથી વાતાવરણમાં ઠંડીનું પ્રમાણ ઘટી જતાં આજે તો બપોરે રીતસર ઉનાળાનો માહોલ હોય તેવું જણાતું હતું. આ કારણે પણ નગરમાં વાહન વ્યવહાર પર અસર પડી હોય તેમાં બે મત નથી. સરવાળે ઘણા સમયે નગરમાં ટ્રાફિકની સમસ્યા હળવી થતાં નગરજનોએ રાહતનો દમ લીધો હતો.

ગાંધીનગરમાં શ્રીશ્રી રવિશંકરના સાનિધ્યમાં બીજી માર્ચે રૂદ્રપૂજા

સે. ૧૧ના રામકથા મેદાનમાં દસ હજારથી વધુ ભાવિકો જોડાશે

ગાંધીનગર, તા. ૮

પાટનગરના પ્રાંગણે સૌપ્રથમાર આર્ટ ઓફ લીવીંગ દ્વારા વિશ્વશાંતિ અને વિશ્વ કલ્યાણ માટે રૂદ્રપૂજા કરવામાં આવશે. તા. ૨જી માર્ચ-૨૦૧૫, સોમવાર સવારે ૬.૩૦ વાગે સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે આર્ટ ઓફ લીવીંગના સ્થાપક અને પ્રણેતા શ્રી શ્રી રવિશંકરજીના હસ્તે રૂદ્રપૂજા કરવામાં આવશે. આ પ્રસંગે પૂજ્ય ગુરૂજીના હસ્તે સોવેનિયરનું અનાવરણ કરવામાં આવશે.

આર્ટ ઓફ લીવીંગ સંસ્થા વિશ્વના ૧૫૨ દેશોમાં માનવસેવા, વ્યક્તિ-વિકાસ, આધ્યાત્મિક, શક્તિના વિકાસ, પર્યાવરણ જાળવણી, નૈસર્ગિક ખેતી, નારી શક્તિના ઉત્થાન અને શિક્ષણ સહિતના કાર્યો કરવામાં આવી રહ્યા છે. ત્યારે સંસ્થા દ્વારા પ્રથમવાર નગરના આંગણે રૂદ્રપૂજા કરવામાં આવશે. આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લાભ લેવા નગરજનોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

રાજયમાં ગરીબોના થઈ રહેલા શોષણ સામે આર.ટી.આઈ. સંગઠન રેલી કાઢશે

૨૩ ફેબ્રુઆરીના રોજ અમદાવાદ સ્થિત ગાંધી આશ્રમથી સત્યાગ્રહ છાવણી ગાંધીનગર સુધી રેલી યોજાશે : રાજય ભરના આર.ટી.આઈ. એકટીવિસ્ટોને જોડાવા આહવાન

ગાંધીનગર, તા.૮

ગુજરાત રાજયમાં આર.ટી.આઈ. એકટીવિસ્ટો ઉપર હુમલા કરવામાં આવી રહ્યા છે. તેમજ સરકારી કચેરીઓમાં કાયદાનું અમલીકરણ ન થઈ રહ્યું હોવાના કારણે અખિલ ભારતીય મહિતી અધિકાર સહાયતા કેન્દ્રની આગેવાની હેઠળ રેલી યોજવામાં આવશે.

રાજયનો દરેક નાગરિક માહિતી અધિકારના કાયદા હેઠળ સરકારી કચેરીઓમાંથી સાચી માહિતી મેળવી શકે તે માટે ગત ૧૨ સપ્ટેમ્બર ૨૦૦૫ના રોજ માહિતી અધિનિયમ એકટ લોકસભામાં કાયદો ઘડવામાં આવ્યો. પરંતુ આ કાયદો હોવા છતાં આજે સાચી માહિતી મળતી નથી.

આગામી તા. ૨૩ ફેબ્રુઆરી સોમવારના રોજ સવારે ૯-૦૦ વાગે ગાંધી આશ્રમથી સત્યાગ્રહ છાવણી ગાંધીનગર સુધી આર.ટી.આઈ. એકટીવિસ્ટો દ્વારા રેલી કાઢવામાં આવશે. ૨૫ કિલોમીટરની રેલીમાં રાજયભરના આર.ટી.આઈ. એકટીવિસ્ટો તેમજ સંગઠનોને જોડાવા આહવાન કરવામાં આવ્યું છે.

રાજયની સરકારી કચેરીઓમાં ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોને અન્યાય થઈ રહ્યો છે. ગરીબ માણસોનું શોષણ કરવામાં આવી રહ્યું છે. આજ સુધી છ જેટલા આર.ટી.આઈ. એકટીવિસ્ટોની હત્યાઓ કરવામાં આવી છે તેમજ ૧૫ થી વધુ ગંભીર હુમલાઓ કરવામાં આવ્યા છે. જાહેર જનતાની માંગણીઓ વિધાનસભામાં મંજુર થાય અને ભ્રષ્ટાચાર મુકત ગુજરાત બને તે માટે રેલી યોજવામાં આવશે.

તેમજ ગાંધી ચિંધ્યા માર્ગે ન્યાયના હિતમાં શાંતિપૂર્વક રેલી કાઢી રાજયના નામદાર રાજયપાલ, મુખ્યમંત્રી અને વિરોધપક્ષના નેતાને આવેદનપત્ર આપવામાં આવશે તે માટે આર.ટી.આઈ. કાર્યકરો, સ્વૈચ્છિક સંસ્થાઓને રેલીમાં જોડાવા પ્રમુખ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે.

વન્ડર વુમન સ્પર્ધામાં જોડાવા મહિલાઓ ઉત્સુક બની : જોરદાર પ્રતિસાદ

જિલ્લાની અને શહેરની મહિલાઓ માટે નગરમાં પ્રથમવાર સ્પર્ધા યોજાશે : ફાઈનલ ૭ માર્ચે

ગાંધીનગર, તા.૮

પાટનગરની મહિલાઓ માટે વિશ્વ મહિલા દિવસની ઉજવણી ખાસ બનાવવામાં આવી છે. લાયોનેસ કલબ અને સુરક્ષા સેતુ દ્વારા નગરની મહિલાઓ માટે વન્ડર વુમન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે મહિલાઓમાં સ્પર્ધાને લઈને ઉત્સુકતા જોવા મળી રહી છે.

નગરની મહિલાઓ માટે કયારેક જ કોઈ સ્પર્ધા રાખવામાં આવતી હોય છે. કોઈ વાર, રસોઈ સ્પર્ધા કે પછી ફેશન સ્પર્ધા યોજાતી હોય છે. પરંતુ આ સ્પર્ધામાં ફિકસ ઉંમરની જ મહિલાઓ ભાગ લઈ શકતી હોય છે. જયારે મોટી ઉંમરની મહિલાઓને પ્રેક્ષક બનીને જ સંતોષ માનવો પડતો રહ્યો છે.

ગાંધીનગર લાયોનેસ કલબ અને સુરક્ષા સેતુ દ્વારા આગામી સમયમાં મહિલાઓ માટે વન્ડર વુમન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધા બે વિભાગમાં યોજવામાં આવશે. જેમાં ૩૦ થી ૪૫ વર્ષ અને ૪૬ થી ૬૦ વર્ષની મહિલાઓના બે ગ્રુપ બનાવવામાં આવશે.

નગરની મહિલાઓનો ઉત્સાહ જોરદાર જોવા મળી રહ્યો છે. મહિલાઓ ભાગ લેવા માટે ઉત્સુક બની છે. સ્પર્ધામાં રૂઢિગત કે સૌંદર્ય કે પર્સનાલીટીની નહિ પરંતુ મહિલાઓની જવાબદારીઓ અને ઘર તેમજ સમાજમાં યોગદાન વિષય પર યોજવામાં આવનાર છે. જેના કારણે ૩૦ થી ૬૦ વર્ષ સુધીની મહિલાઓમાં ખુબ જ પ્રમાણમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.

સ્પર્ધાનો પ્રથમ રાઉન્ડ તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ યોજાશે. તેમજ ફાઈનલ ૭ માર્ચના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા રજીસ્ટ્રેશન ફોર્મ ભરવું ફરજીયાત છે.ત્યારે રજીસ્ટ્રેશનને લગતી માહિતી માટે ચંદા યાદવ-૯૬૦૧૬ ૦૪૯૭૨, દક્ષા જાદવ-૯૮૭૯૦૫૭૮૭૯, વર્ષાબેન ઠકકર-૯૪૦૮૭ ૬૦૮૪૭ અને વૈશાલી જોષી-૯૯૨૫૨ ૩૪૯૮૭મળી શકશે.

સેક્ટર-૨-બીમાં હાડકાં તથા દાંતના રોગોનો નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના શ્રી ક્રિષ્ના ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એસબીઆઈ લાઈફ ઈન્શ્યુરન્સના સહયોગથી સેક્ટર-૨-બીમાં આજ સવારે ૯.૦૦ થી ૧.૦૦ વાગ્યા દરમ્યાન મફત નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ડૉ. બિમલ મોદી અને ડૉ. અમિતા મોદી દ્વારા હાડકાં અને દાંતના તમામ રોગો અંગે નિદાન કરવામાં આવ્યું હતું.

આ નિદાન કેમ્પમાં કુલ ૪૫ લોકોએ પોતાનું ચેકઅપ કરાવ્યું હતું. ડૉ. બિમલ મોદી દ્વારા આ કેમ્પમાં ઘુંટણ, થાપા, કોણી તથા ખભાના સાંધાના તમામ પ્રકારના રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કમરના દુઃખાવા, સ્નાયુની તકલીફ, ગરદનમાં દુઃખાવો, એડીમાં દુઃખાવો અને સાંજા જકડાવા જેવા રોગોની પણ તપાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ડૉ. અમિતા મોદી દ્વારા વાંકા ચૂંકા દાત, ચોકઠુ બનાવવુ, દાંતમાં રહેલી જડબાની તકલીફ, મોઢુ ના ખુલવુ, તમાકુ, બીડી, કેમિકલના ડાઘા, દાંતમાં સડો, બાળકોને દાંતની તકલીફ વગેરેનું નિદાન કરવામાં આવ્યું હતું.

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ટ્રાફિક જામનું એ.પી. સેન્ટર વૈષ્ણોદેવી સર્કલ...!

વૈષ્ણોદેવી સર્કલ પાસે અન્ડર કે ઓવરબ્રીજ બનાવવા ઉગ્ર માંગ

સરદાર પટેલ રીંગ રોડ અને એસ.જી. હાઈવે જોડતા વૈષ્ણોદેવી સર્કલે ટ્રાફીક મેનેજમેન્ટને અભાવે ચાર ચાર કિમી સુધી વાહનોની લાંબી કતાર સર્જાય છે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં વિવિધ મોટી મોટી થતી ઈવેન્ટસને પગલે આમ પણ વાહનોની અવર જવર ખુબ વધી છે ત્યારે દરરોજ વૈષ્ણોદેવી સર્કલથી આસપાસના ચાર ચાર કિમી સુધી ટ્રાફીક જામના દૃશ્યો સર્જાય છે. ટ્રાફીક જામનું એ.પી.સેન્ટર વૈષ્ણોદેવી સર્કલ છે જેને પગલે આ વિસ્તારમાં અન્ડર બ્રીજ કે ઓવર બ્રીજ બનાવી ટ્રાફીક ડાયવર્ટ કરવાનો વિકલ્પ ઉભો કરવા ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

વૈષ્ણોદેવી સર્કલ એ સરદાર પટેલ રીંગરોડ અને સરખેજ-ગાંધીનગર હાઈવને જોડતુંસર્કલ છે. આ બંને હાઈવે પર દરરોજ વાહનોની અવર જવર પુષ્કળ પ્રમાણમાં થતી હોય છે તે ઉપરાંત વૈષ્ણોદેવી સર્કલ પર ટ્રાફીક મેનેજમેન્ટ નહીવત પ્રમાણમાં છે તથા ભારે મોટા વાહનોની સતત અવર જવરનો માર્ગ પણ આ જ છે. આ તમામ પરીબળોને પગલે વૈષ્ણોદેવી સર્કલ પર તથા ત્યાંથી નીકળતા ચારેય માર્ગ અને તેમાં પણ ખાસ કરીને અમદવાદ તરફ જતા અને ગાંધીનગર તરફ આવતા માર્ગ પર ભયંકર ટ્રાફીક જામના દૃશ્યો સર્જાયછે. ટ્રાફીક જામની સ્થિતિ કાબુમાં લેવા અડાલજ અને ટ્રાફીક બંને પોલીસ કામે લાગે તોય ત્રણથી ચાર કલાકે સ્થિતિ કાબુમાં આવે તે હદે ટ્રાફીક સર્જાય છે. ચાર ચાર કિમી સુધીની વાહનોની લાંબી કતારો સર્જાતી હોવાથી કોઈ ઈમર્જન્સી દરમિયાન ફાયર, પોલીસ અને એમ્બ્યુલન્સ પણ ફાંફે ચઢયાના કિસ્સા છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે વૈષ્ણોદેવી પાસે ઓવરબ્રિજ કે અન્ડરબ્રિજ બનાવવા ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

ઊંઝાની તાલુકા કચેરીઓમાં ભ્રષ્ટાચારની બુમ

ઊંઝા, તા. ૬

ઊંઝા ખાતે આવેલ તાલુકા મામલતદાર અને સબ રજીસ્ટ્રાર કચેરીમાં છેલ્લા કેટલાક વખતથી ભ્રષ્ટાચારના મહારાક્ષસે માથું ઉંચક્યું હોવાની લોક ફરિયાદો ઉઠવા પામી છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઊંઝા મામલતદાર કચેરીની ઈધરા, પુરવઠા શાખા, મહેસુલ શાખાઓમાં કામકાજ અર્થે આવતા નાગરિકો પાસેથી કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ વ્યાપક પણે કટકી કરતા હોવાનુ સરેઆમ ચર્ચાય છે. ઈધરા, પુરવઠા તથા જમીન મહેસૂલને લગતા કામકાજમાં આ કચેરીના સરકારી બાબુઓને જ્યાં સુધી નૈવેધ ન ધરાવાય ત્યાં સુધી તેઓ રીઝતા નથી અને નાગરિકોને ખોટી રીતે ધક્કા ખવડાવી કામમાં વિલંબ થાય તેવી કુટનીતિ અપનાવતા હોય છે. આ કચેરીમાં કામકાજ અર્થે આવતા લોકો પાસેથી ગેરકાયદે નાણાં માગવામાં સરકારી બાબુઓ લેશમાત્ર શરમ અનુભવતા નથી. અને જાણે એક શિરસ્તો હોય તેમ આ કચેરીમાંકામ મંજુર કરાવવા રૂપિયા માંગી લેવાય છે. આવા ભ્રષ્ટાચારના કિસ્સાના કેટલાયે લોકો ભોગ બન્યા છે. પરંતુ કોણ જાણે કેમ તેઓની મજબુરી અણઆવડત યા સક્ષમ ન હોવાથી ફરિયાદો થઈ શકતી નથી. પરિણામે ભ્રષ્ટાચારી તત્વોને ફાવટ આવી ગઈ છે. ભૂતકાળમાં આ કેચરીમાં ફરજ બજાવતા એક સર્કલ ઓફીસર લાંચ લેતાં રંગેહાથે ઝડપાઈ ગયા હતા.

આ કચેરીની જુદી જુદી શાખાઓ ઉપરાંત આ કચેરીમાં જ આવેલ સબરજીસ્ટ્રારની કચેરીમાં વ્યાપક ભ્રષ્ટાચાર થતો હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. આ કચેરીઓણાં કેટલાક વચેટીયાઓ, દલાલોની બોલબાલા વધી ગઈ છે. આ ઉપરાંત કાયદાના જાણકાર એવા કેટલાક તત્વો તથા કેટલાક સ્ટેમ્પ વેન્ડરો, અધિકારીઓ અને કર્મચારીઓ સાથે મળી જઈને ભ્રષ્ટાચાર વધે તેવુ કૃત્ય કરી રહ્યા છે તેવુ ચર્ચાઈ છે. આ અંગે ઉચ્ચકક્ષાએથી ઝીણવટભરી તપાસ હાથ ધરાય તો ઘણી ચોંકાવનારી હકિકતો બહાર આવે તેમ છે. તેવું લોકોમાં બોલાય છે. કચેરીમાં કામકાજ અર્થે આવતા નાગરિકોને વ્યવસ્થિત યોગ્ય જવાબ કે માર્ગદર્શન મળતું નથી. ઉલ્ટાનું તોછડાઈભર્યું વર્તન કરીને હેરાન પરેશાન કરવાની પ્રવૃત્તિ કરાય છે.

આ કચેરીમાં મોટાભાગે ગરીબ વર્ગ, ખેડૂત વર્ગ અને જરૂરીયાતવાળા માણસો કામકાજ અર્થે આવે છે. જે પૈકી જેઓને કુદરતે થપાટ મારી છે તેવા માણસોને પણ આ કચેરીના બાબુઓ થપાટ મારવાનું ચુકતા નથી. જયારે રાજકારણીઓ, રાજકીય વગ ધરાવતા આર્થિક રીતે શક્તિશાળી તેમજ ગેરકાયદે વ્યવહારમાં સમજતા લોકોના કામો ઝડપથી થાય છે. કહે છે કે આ કચેરીમાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓ અને કથિત એજન્ટો, દલાલોની ટોળકી સાથે મળી સંબંધ બાંધી ભ્રષ્ટાચાર કરે છે. અને અંદરોઅંદર ભાગ બટાઈ કરતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૭
સૂર્યાસ્ત : ૬.૩૩

તાપમાન

મહત્તમ : ૩૦.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૩૭ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ષમિતાભ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
બેબી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
હમતુમ દુશ્મન દુશ્મન : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :
ષમિતાભ : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
બેબી : ૨.૪૦

: સ્ક્રીન-૩ :
સેવન્થ સન (અંગ્રેજી) (ડી) : ૭.૪૫
બેબી : ૧.૪૫, ૯.૪૫
ષમિતાભ : ૪.૪૫

સ્ક્રીન-૪ :
હવાઈજાદા : ૧.૦૦
જય જવાન જય કિસાન : ૪.૦૦
યેન્નાઈ એરીઢલ (તમિલ) : ૭.૦૦
ખામોશીયાં : ૧૦.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૫ :
ષમિતાભ : ૧૦.૦૦, ૬.૩૦
બેબી : ૩.૪૫
ખામોશીયાં : ૧૨.૪૫

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
ષમિતાભ : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :
ષમિતાભ : ૧૧.૩૦, ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦

સ્ક્રીન-૩ :
બેબી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
યેન્નાઈ એરીઢલ (તમિલ) : ૧૨.૦૦, ૩.૧૫, ૧૦.૦૦
પી.કે : ૬.૪૫

આપની આજ

મેષ : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

વૃષભ : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

મિથુન : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

કર્ક : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

સિંહ : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પામિનો યોગ.

કન્યા : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

તુલા : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

વૃશ્ચિક : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

ધન : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

મકર : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

કુંભ : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

મીન : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.